અમદાવાદ જીલ્લાની ભુગોળ.

તથા ધાતો અને બીજી ત્રીજી ચો-
પડીના અઘરા શબ્દો સહીત.

બનાવનાર.
ત્રવાડી હરીલાલ નારણજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
રણછોડલાલ ઘેહેલાભાઈ.
નંબર બીજાની નિશાળના આસિસ્ટંટ માસ્તર

આવૃતી પહેલી. પ્રત ૨૫૦૦

અમદાવાદ—'ગુર્જરવિજય' પ્રેસ

સને ૧૮૯૩ સંવત ૧૯૪૯

કિંમત રૂ ૦—૧—૦

૫૭૫૨

અમદાવાદ જીલ્લાની ભૂગોળ.

તથા ધોળકા અને બીજા ત્રણ સા-

પડીના અથરા ૨.૦ા સહીત.

બનાવનાર.

ચવાણી હરીલાલ નારણજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

રણછોડલાલ ઘેલાભાઈ.

નંબર બીજાની નિશાળના આસિસ્ટંટ માસ્તર

આવૃત્તી પહેલી. પ્રત ૨૫૦૦

અમદાવાદ—'ગુજરાતમિત્ર' પ્રેસ.

સને ૧૮૯૩ સંવત ૧૯૪૯

કિંમત રૂ ૦—૧—૦



અમદાવાદ જીલ્લાની ભૂગોળ.

વ્યાખ્યાઓ.

જીલ્લો.—જેની અંદર ઘણા તાલુકા આવેલા હોય તે. જીલ્લાનો ઉપરી કલેકટર હોય છે.

બંદર.—નદી કે દરીઆ કાંઠે મોટું શહેર આવેલું હોય ને ત્યાંથી માલ ચઢ ઉતર થતો હોય (એટલે એક દેશથી બીજે દેશ માલ જાય તે.)

ડુંગર.—જમીનનો થોડો ભાગ ઉંચો હોય તે.

પર્વત.—જમીનનો વધારે ભાગ ઉચો હોય તે.

અખાત.—જમીન ઉપર લાંબા ગએલા સમુદ્રના ફાંટાને અખાત કહે છે.

સમુદ્ર કે દરિઓ.—મહાસાગરથી નાનો હોય તે. તેનું પાણી ખારૂં હોય છે.

નદી.—મીઠા પાણીનો જે પ્રવાહ પર્વતમાંથી કે સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઇ સમુદ્રને મળે છે તે.

મૂળ.—જે જગાએથી નદી નીકળે છે તે તેનું મૂળ.

મુખ.—જે જગાએ નદી સમુદ્રને મળે છે તે.

સંગમ.—એક નદી બીજી નદીને મળે છે તે.

શહેર.—જેની અંદર સારા ઉંચા ને છાબંધ અને મેડાવાળાં ઘર હોય ને સારાં સારાં ચોટાં હોય તે. (શહેરની વસ્તી ઘણી હોય છે.)

ગામ—જેમાં ઝુપડાં જેવાં ઘર હોય ને વસ્તી થોડી હોય તે. ગામના ફરતી ભુખ્ખા હોય છે.

તાલુકો.—જેની અંદર ઘણાં ગામ આવ્યાં હોય તે.

તળાવ.—જેની ચારે બાજૂએ જમીન ને વચ્ચે પાણી હોય છે તે. [તે સરોવર જેવું હોય છે].

રેલવે સ્ટેશન.—આગગાડી જે ઠેકાણે ઉભી રહેતી હોય ને ત્યાંથી માણસ ગાડીમાં બેસે અથવા ઉતરે તે. અને ત્યાંથી માલ પણ ચઢે છે ને ઉતરે છે.

ખાડી.—સમુદ્રના ભરતાં પડેલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનું મુખ પહોળું હોય તે.

દિશાઓ.

સવાલ.—દીશાઓ કેટલી છે અને તે કઇ કઇ?

જવાબ.—ચાર છે. પૂર્વ. પશ્ચિમ. ઉત્તર, દક્ષિણ

દિશાઓની વિગત.

જે દિશામાં સૂરજ ઊગે છે તેને પૂર્વ દિશા કે ઊગમણી દિશા કહે છે. જે દિશામાં સૂરજ આથમે છે, તેને પશ્ચિમ દિશા કે આથમણી દિશા કહે છે પૂર્વ તરફ મોં કરીને ઉભા રહીએ તો ડાબા હાથ તરફની ઉત્તર દિશા ને જમણા હાથ તરફની દક્ષિણ દિશા છે.


નકશાની દિશાઓ.

નકશાની તરફ મોં કરીને ઉભા રહીએતો માથા તરફની ઉત્તર દિશા, પગતરફની દક્ષિણ દિશા, જમણા હાથ તરફની પૂર્વ દિશા ને ડાબા હાથ તરફની પશ્ચિમ દિશા છે.

ખૂણાઓ.

સવાલ.—ખૂણાઓ કેટલા છે અને તે કયા કયા ?

ઉત્તર.—ચાર છે. અગ્નિ, નૈરૃત્ય, વાયવ્ય, ઇશાન.



ખૂણાઓ વિષે વિગત.

પૂર્વને દક્ષિણ દિશા વચ્ચેનો અગ્નિ ખૂણો. દક્ષિણ અને પશ્ચિમ દિશા વચ્ચેનો નૈરૂત્ય ખૂણો. પશ્ચિમ અને ઉત્તર દિશા વચ્ચેનો વાવ્ય ખૂણો. ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ઇશાન ખૂણો છે.

અમદાવાદ જીલ્લો તથા તેની વિશેષ હકીકત.

આ જીલ્લો ગૂજરાતના બીજા જીલ્લાની ઉત્તરે છે. એની ઉત્તરે ગાયકવાડનો મૂલક તથા મહીકાંઠા. પુર્વે તથા અગ્નિકોણમાં ખેડા જીલ્લો ખંભાતનું સંસ્થાન અને ખંભાતી અખાત છે. પશ્ચિમે કાઠીયાવાડ દક્ષિણ પણ કાઠીઆવાડ.

અમદાવાદ જીલ્લામાં મોટામાં મોટી સાબરમતી નદી છે. તે ઇશાન કોણમાં આરાવલીના ડુંગરના છેડા પાસેથી નીકળી નૈરૂત્યકોણ તરફ વહી ખંભાતી અખાતને મળે છે. અમદાવાદ શહેરમાં પુષ્કળ રેશમ, સૂતર અને કસબના કારખાનાં છે–તથા વરાળયંત્રથી ચાલતા સંચા છે તેથી ગરીબ માણસો મજુરી કરવા જાય છે તેથી તેમને પૈસા મળે છે.

મુખ્યનીકાસ.—બાજરી, જુવાર, ચણા, રૂ, ડાંગર, તમાકું, શેરડી, આદુ, ગળી, તલ, દીવેલી વગેરે છે. તેમાંથી મુંબાઇ ખાતે રૂ અને અનાજ પુષ્કળ મોકલવામાં આવે છે.

અમદાવાદ જીલ્લામાં નીચે લખેલા સાત (૭) તાલુકા છે.

(૧) પ્રાંતીજ.
(૨) વીરમગામ.
(૩) ધોળકા.
(૪) દશક્રોઈ
(૫) ધંધુકા.
(૬) ઘોઘા.
(૭) સાણંદ.

પાટડી અને મોઢાસા એ બે પેટા તાલુકા કર્યા છે.

---

(૧) પ્રાંતીજ તાલુકો.

એની ઉત્તરે મહીકાંઠા અને ગાયકવાડનો મૂલક. દક્ષિણે મહીકાંઠા. પૂર્વે મહીકાંઠા અને પશ્ચિમે સાબરમતીનદી છે. મામલતદારની કચેરી પ્રાંતીજમાં છે અને મહાલકારીની કચેરી મોઢાસામાં છે.

મુખ્ય નદીઓ---સાબરમતી. હાથમતી, વાત્રક, માજુમ, મેશ્વા, અને ખારી. પહેલી સાબરમતી ને બીજી હાથમતી એ પ્રાંતીજ તાલુકાની પશ્ચિમે વહે છે. તેઓ વાવ્ય કોણમાં છે ત્રીજી વાત્રક એ બાયડને ગાબટ પાસે થઈને વહેછે. ચોથી માજુમ એ મોઢાસાની પાસે વહેછે. પાંચમી મેશ્વા એ હરસોલની પાસે વહે છે. છઠ્ઠી ખારી એ દેશાસણ અને લાલપુરની પાસે થઇને વહેછે.

મુખ્ય ગામ—પ્રાંતીજ. ઓરણ. ગાબટ. ધનસુરા. મોઇલા દહેમાઈ. બાયડ. મોઢાસા. અને હરસોલ.

વિશેષ કહીકત—પ્રાંતીજ તાલુકામાં બોખ નામે ખાડો છે એ ખાડામાં કમળના ફુલ થાય છે.

મુખ્ય નીકાસ—બાજરી. ચણા. મઠ. તલ. જવ. મકાઇ. રતાળું અને વરીઆળી.

---

(૨) વીરમગામ તાલુકો.

એની ઉત્તરે ગાયકવાડનો મુલક, દક્ષિણે થોડોક ધોલકાનો ભાગ

તથા નળ નામે તલાવ. પૂર્વે સાણંદ તાલુકો. પશ્ચિમે કાઠીઆવાડ.

મુખ્યગામ—વીરમગામ. દેત્રોજ, ઓગણ, ગોરૈયા, રામપુરા, સાંતાપુર, પાટડી, માંડલ અને ખારાઘોડા.

મુખ્ય તલાવ—એમાં એકે નદી નથી પણ બે તલાવ છે. ગંગાસર, અને મુનસર એ બે તલાવ પાટણના મહારાજા સીધરાજ-જયસીંગની મા મીનળદેવીએ બંધાવ્યાં છે.

મોટા કસબા—પાટડી અને માંડલ. એમે કસબા ઠાકોરના તાબામાં છે તેને દેસાઈ કહે છે.

રેલવે સ્ટેશન—વીરમગામ અને પાટડી.

જાત્રાનાં ઠેકાણાં.—બહુચરાજી અને ભોયણી. ભોયણી એ શ્રાવક લોકોનું છે. બહુચરાજી એ ગાયકવાડી હદનું છે.

વિશેષ હકીકત—વીરમગામની અંદર દરજી ઘણા હોંશીયાર છે તેઓ સુજની, રૂના ડગલા, પંખા ઘણા સરસ બનાવે છે ખારાઘોડા એમાં મીઠું પાકે છે એને વરાગડું મીઠું કહે છે.

મુખ્ય નિકાસ.—બાજરી, ઘઉં અને જુવાર.

---

(૩) ધોળકા તાલુકો.

એની ઉત્તરે સાણંદ તાલુકો, દક્ષણે ધંધુકા તાલુકો. પૂર્વે સાબરમતી નદી, એ નદીની પેલીમેર ખેડા જીલ્લો ને ખંભાતનું સંસ્થાન. પ અને નળ તલાવ.

મુખ્ય ગામ.—ધોળકા, બાવળા, ચલોડા, ગાંગડ, બદરખા, સરોડા, વૌઠા અને કોઠ.

મુખ્ય તળાવ.—નળ અને મલાવ. ન^ળ એ તળાવનું પાણી ખારૂં છે તેથી પીવાના કામમાં આવતું નથી. પણ તેમાં રાડાં (સાંઠા) પુષ્કળ થાય છે. તે લોકોના ઘરનાં છાપરા બનાવવાના કામમાં આવે છે. અને તેનાં મુળીઆં થાય છે તેને દળીને ગરીબ લોકો રોટલા કરે છે તેને બીડ કહે છે.

જાત્રાનાં ઠેકાણાં.—વૌઠા. એ સાબરમતી અને વાત્રક નદીના સંગમ ઉપર છે તેમાં દર વરસે કાતક શુદ પુનમે મેળો ભરાય છે તેથી ઘણા દૂરના લોકો ભેગા થાય છે

વિશેષ હકીકત—ધોળકામાં ચોમાસાની આખર ઘણા લોકોને તાવ આવે છે કેમકે તે વખતે તેની હવા સારી રહેતી નથી. એમાં કોઠ એ દરબારી ગામ છે.

મુખ્ય નિકાસ.—ઘઉં, ચણા, જુવાર, આદુ, કેળાં, દાડમ અને શેરડી છે.

---

[૪] દસક્રોઈ તાલુકો.

ઉત્તરે તથા ઈશાનકોણમાં પ્રાંતીજ તાલુકો, દક્ષિણે ખેડા જીલ્લો, પશ્ચિમે સાણંદ તાલુકો, પૂર્વે મેશ્વા નદી

મુખ્ય નદીઓ—સાબરમતી, મેશ્વા અને ખારી.

પહેલી સાબરમતી એ ઉત્તરમાંથી દક્ષિણમાં વહે છે. બીજી મેશ્વા એ તાલુકાની પૂર્વ દિશાએ છે. ત્રીજી ખારી, એ સાબરમતી અને મેશ્વા એ બેની વચ્ચે વહે છે.

મુખ્ય ગામ—અમદાવાદ, ડુંગારસદ, વટવા. કુહા, નરોડા, બારેજા, જેતલપુર, ઓગણજ અને અડાલજ. અમદાવાદ એ સા-

બરમતી નદીને કાંઠે છે. તેને ૧૪૧૧ માં મહંમદ સુલતાને વસાવ્યું.

અમદાવાદ શેહેરની અંદર જોવા લાયક.—જુમામસીદ, ત્રણ દરવાજા, ભદ્ર, ગોસાંઇજી મહારાજનું મંદીર, સ્વામીનારણનું મંદીર, પ્રાર્થનાસમાજનું મંદીર વગેરે.

શહેરની બહાર જોવા લાયક—કાંકરીયું તલાવ, દાદાહરીની વાવ. માતરભવાનીની વાવ, અડાલજની વાવ, મલેકસાબાનું તલાવ, વટવાનો રોજો, પીરાણાનો રોજો, શાહીબાગ મહેલ, હઠીસંગની વાડી તથા બંગલાઓ.

વિશેષ હકીકત—શહેરની અંદર જડજ સાહેબની કચેરી, મામલતદારની કચેરી, કલેકટરની કચેરી, સ્માલકાજ કોરટ એ વગેરે કચેરીઓ જોવા લાયક છે શહેરની અંદર કંદોઇ ઓળમાં મહમંદ બેગડાની કબર છે. બીજું શહેરના તમામ લોકોને પાણી પુરૂ પાડવાને માટે દુધેશ્વર આગળ વરાર યંત્રથી ચાલતો સંચો છે તે સંચા વડે પાણી કાઢે છે ને ત્યાંથી નળમાં આવે છે. તેવા નળ શહેરમાં તમામ ઠેકાણે દાટેલા છે તે નળની સાથે નાની નળીઓ મૂકીને લોકોએ પોતાના ઘરમાં પાણી લીધું છે તેથી લોકોને મીઠા પાણીનું ઘણું સુખ થયું છે. શહેરમાં મ્યુનીસીપાલેટી ખાતું છે તેથી પોળમાં તથા સરીઆમ રસ્તા ઉપર દિવા થાય છે, સાફ રખાવે છે. મોટી સડકો ઉપર પાણી છંટાય છે એ વગેરે ઘણું સુખ આપે છે.

બીજું વરાળ યંત્રથી ચાલતા સંચા છે તેથી ઘણા માણ-

સોને રોજી મળે છે. બારેજા ને જેતલપુરની ડાંગર વખણાય છે અને હીરાપુરનો ગોળ વખણાય છે.

મુખ્ય રેલવે સ્ટેશન—અમદાવાદ અને સાબરમતી.

મુખ્ય દેવસ્થાન—અંબાજી એ ધનાસુતારની પોળમાં છે ને ભદ્રકાળી તે ત્રણ દરવાજાની પેલીમેર છે.

મુખ્ય નીકાશ—બાજરી, જુવાર, શેરડી, ડાંગર, તમાકુ અને કઠોળ છે.

---

(૫) ધંધુકા તાલુકો.

ઉત્તરે ધોળકા તાલુકો, દક્ષિણે ધોઘા તાલુકો, પશ્ચિમે કાઠીઆવાડ, પૂર્વે ખંભાતનો અખાત.

મુખ્ય નદીઓ—ભાદર, ગોમા, નીલકા અને ઉતાવળી.

પહેલી ભાદર અને બીજી ગોમા એ બે નદીઓ કાઠીઆવાડમાં ઉત્પન્ન થઇ રાણપુર આગળ મળે છે.

અહીંઆં એકઠી થએલી નદીઓ નાગનેશ તથા ધંધુકા આગળ થઇ ઓકારને મળે છે અને ત્યાંથી બોગાવોમાં મળે છે. ત્રીજી નીળકા, ચોથી ઉતાવળી એ બરવાળા પાસે વહે છે.

મુખ્ય ગામ—ધંધુકા, બરવાળા, રાણપુર, ખસ અને ગારૂ.

મુખ્ય બંદર—ધોલેરા એમાં મીઠા પાણીની તંગાસ છે. પહેલાં ત્યાં પરદેશ ખાતે રૂ અને માલ વહાણ વાટે પુષ્કળ મોકલવામાં આવતો પણ હાલમાં આગગાડી થવાથી તે બંદરે ઘણો માલ જતો નથી.

મુખ્ય જાત્રાનું ઠેકાણું—ભીમનાથ એ નીલકા નદી ઉપર છે ત્યાં દર વરસે શ્રાવણ વદ અમાસને દીવસે મેળો ભરાય છે તેજ

દીવસે અમદાવાદમાં ભરેલો મેળો નીલકંઠ માહાદેવ (માતરભવાનીની વાવ) નો મેળો ભરાય છે.

વિશેષ હકીકત—ગાંડુ એમાં મીઠું પાકે છે તેને ગસીયું મીઠું કહેછે.

મુખ્ય નીકાશ—રૂ, જુવાર અને વરૂં.

---

(૬) ધોધા તાલુકો.

એની ઉત્તરે ધંધુકા તાલુકો, દક્ષિણે કાઠીવાડ, પૂર્વે ખંભાતનો અખાત, પશ્ચિમે કાઠીઆવાડ.

મુખ્ય ગામ—ઘોઘા, વાલુકડ અને કમલેજ,

મુખ્ય નદીઓ—ભાવનગરની ખાડી એજ નદી છે.

મુખ્ય બંદર—ઘોઘા.

વિશેષ હકીકત.—ઘોઘા, ત્યાંની હવા ઘણી ઠંડી છે ને ત્યાં આગળ મીઠા પાણીની તંગાશ છે.

મુખ્ય નિકાશ—બાજરી રૂ. અને તલ છે.

---

(૭) સાણંદ તાલુકો.

પુર્વે દસક્રોઇ તાલુકો, પશ્ચિમે વીરમગામ તાલુકો, દક્ષિણે ધોળકા તાલુકો, ઉત્તરે ગાયકવાડનો મુલક.

મુખ્ય નદીઓ—સાબરમતી અને રોહર.

પહેલી સાબરમતી એ આ તાલુકાની પુર્વ સીમાએ વહે છે. બીજી રોહર એ ચેખલા પાસેથી નીકળીને આ તાલુકાની વચમાં થઇને જાય છે.

મુખ્ય ગામ—સાંણંદ, સરખેજ, ગોધાવી, ચોરવડોરા, કાસીંદ્રા, વીસલપુર અને મોડાસર.

મુખ્ય રેલવે સ્ટેશન—સાણંદ, આંબલીરોડ અને છારોડી.

વિશેષ હકીકત—સરખેજમાં રોજો અને તલાવ જોવા લાયક છે. અને કાસીંદ્રાનો ગોળ વખણાય છે.

મુખ્ય નિકાશ.—બાજરી, ડાંગર, રૂ, શેરડી અને જુવાર છે.

વિશેષ હકીકત.

સ૦—અમદાવાદ જીલ્લામાં ડુંગર ક્યાં ક્યાં છે?

ઉ૦—ઘોઘા તાલુકામાં અને મોડાસા મહાલમાં.

સ૦—અમદાવાદ જીલ્લામાં રેલવે સ્ટેશન ક્યા ક્યા તાલુકામાં છે?

ઉ૦—દસક્રોઈ, વીરમગામ, સાણંદ, ધંધુકા અને ઘોઘા તાલુકામાં.

સ૦—અમદાવાદ જીલ્લાની નદીઓ?

ઉ૦—સાબરમતી, હાથમતી, વાત્રક, માજુમ, મેશ્વો, ખારી, ભાદર, ગોમા, નીલકા, ઉતાવળી અને ભાવનગરની ખાડી.

સ૦—ઉત્તરમાંથી દક્ષિણમાં આવનારી નદીઓ.

ઉ૦—સાબરમતી, વાત્રક, [illegible], માજુમ, ખારી.

સ૦—પશ્ચિમમાંથી પૂર્વમાં જનારી નદીઓ?

ઉ૦—ભાદર, ગોમા, નીલકા અને ઉતાવળી.

સ૦—અમદાવાદ જીલ્લામાં અખાત કયો છે?

ઉ૦—ખંભાતનો.

સ૦—અમદાવાદ જીલ્લામાં બંદરો ક્યાં ક્યાં છે?

ઉ૦—ધોલેરા અને ઘોઘા.

સ૦—અમદાવાદ જીલ્લામાં ઘઉં ક્યાંના વખણાય છે?

ઉ૦—ધોળકા અને ધંધુકા સુધીનો ભાલ કહેવાય છે ત્યાંના ઘઉં વખણાય છે.

સ૦—દસક્રોઈ તાલુકામાં ડાંગર ક્યાંની વખણાય છે?

ઉ૦—બારેજા અને જેતલપુરની.

સ૦—દસક્રોઈ તાલુકામાં ગોળ ક્યાંનો વખણાય છે?

ઉ૦—હીરાપુરનો.

સ૦—સાણંદ તાલુકામાં ગોળ ક્યાંનો વખણાય છે.

ઉ૦—કાંસીંદ્રાનો.

ધાતો.

શેરની ધાત.

શેરના અચ્છેરા	૨	પોણોશેરના	૩૦	રૂપીયાભાર.
શેરના પાશેરા	૪	અચ્છેરના	૨૦	રૂપીઆભાર.
શેરનાં નવટાંકાં	૮	પાશેરના	૧૦	રૂપીઆભાર.
શેરનાં અધોળાં	૧૬	નવટાંકના	૫	રૂપીઆભાર.
શેરના રૂપીઆભાર	૪૦	અધોળના	૨॥	રૂપીઆભાર.

---

૨ અચ્છેરે	૧ શેર	૫૦	રૂપીઆભાર	૧।	શેર.
૪ પાશેરે	૧ શેર	૬૦	રૂપીઆભાર	૧॥	શેર.
૮ નવટાંકે	૧ શેર	૭૦	રૂપીઆભાર	૧॥।	સેર.
૧૬ અધોળે	૧ શેર.	૮૦	રૂપીઆભાર	૨	શેર.
૪૦ રૂપીઆભાર	૧ શેર.	૯૦	રૂપીઆભાર	૨।	શેર.
		૧૦૦	રૂપીઆભાર	૨॥	શેર.

૨॥	રૂપીઆભાર	એક અધોળ.	૧૦૦	રૂપીઆભાર	૨॥ શેર.
૫	રૂપીઆભાર	નવટાંક.	૨૦૦	રૂપીઆભાર	૫ શેર.
૧૦	રૂપીઆભાર	પાશેર.	૩૦૦	રૂપીઆભાર	૭॥ શેર.
૨૦	રૂપીઆભાર	અચ્છેર.	૪૦૦	રૂપીઆભાર	૧૦ શેર.
૩૦	રૂપીઆભાર	પોણોશેર.	૫૦૦	રૂપીઆભાર	૧૨॥ શેર.
૪૦	રૂપીઆભાર	૧ શેર.	૬૦૦	રૂપીઆભાર	૧૫ સેર.
			૭૦૦	રૂપીઆભાર	૧૭॥ શેર.

૮૦૦	રૂપીઆભાર ૨૦	શેર.
૯૦૦	રૂપીઆભાર ૨૨॥	શેર.
૧૦૦૦	રૂપીઆભાર ૨૫	શેર.

મણની ધાત.

મણનાં અધમણીઆં	૨	પોણો મણના	૩૦ શેર
મણનાં દશશેરા	૪	અધ મણના	૨૦ શેર
મણની પાચશેરી	૮	પા મણના	૧૦ શેર.
મણની અઢીશેરી	૧૬	૧૦ શેરે	૦। મણ
મણના સવાશેર	૩૨	૨૦ શેરે	૦॥ મણ
મણના શેર	૪૦	૩૦ શેરે	૦॥। મણ
		૪૦ શેરે	૧ મણ

૫૦ શેરે	૧। મણ	૪૦૦ શેરે	૧૦ મણ
૬૦ ,,	૧॥ મણ	૫૦૦ ,,	૧૨॥ મણ
૭૦ ,,	૧॥। મણ	૬૦૦ ,,	૧૫ મણ
૮૦ ,,	૨ મણ	૭૦૦ ,,	૧૭॥ મણ
૯૦ ,,	૨। મણ	૮૦૦ ,,	૨૦ મણ
૧૦૦ ,,	૨॥ મણ	૯૦૦ ,,	૨૨॥ મણ
૨૦૦ ,,	૫ મણ	૧૦૦૦ ,,	૨૫ મણ
૩૦૦ ,,	૭॥ મણ		

નાણાની ધાત.

૧॥ પાઇનો ૧ અધેલો.
૩ પાઇનો ૧ પૈહો.
૨ પૈસાનો ઢબુ.
૪ પૈસાનો ૧ આનો.
૨ આનાની ૧ બેઆની.
૪ આનાનો ૦। રૂપીઓ.
૮ આનાનો ૦॥ રૂપીઓ.
૧૨ આનાનો ૦॥। રૂપીઓ.
૧૬ આનાનો ૧ રૂપીઓ.
૨૦ આનાનો ૧। રૂપીઓ.
૨૪ આનાનો ૧॥ રૂપીઓ.
૨૮ આનાના ૧॥। રૂપીઆ
૩૨ આનાના ૨ રૂપીઆ
૩૬ આનાના ૨। રૂપીઆ
૪૦ આનાના ૨॥ રૂપીઆ
૪૪ આનાના ૨॥। રૂપીઆ
૪૮ આનાના ૩ રૂપીઆ
૫૨ આનાના ૩। રૂપીઆ
૫૬ આનાના ૩॥ રૂપીઆ
૬૦ આનાના ૩॥। રૂપીઆ
૬૪ આનાના ૪ રૂપીઆ
૬૮ આનાના ૪। રૂપીઆ
૭૨ આનાના ૪॥ રૂપીઆ
૭૬ આનાના ૪॥। રૂપીઆ
૮૦ આનાના ૫ રૂપીઆ
૮૪ આનાના ૫। રૂપીઆ
૮૮ આનાના ૫॥ રૂપીઆ
૯૨ આનાના ૫॥। રૂપીઆ
૯૬ આનાના ૬ રૂપીઆ
૧૦૦ આનાના ૬। રૂપીઆ
૨૦૦ આનાના ૧૨॥ રૂપીઆ
૩૦૦ આનાના ૧૮॥। રૂપીઆ
૪૦૦ આનાના ૨૫ રૂપીઆ
૫૦૦ આનાના ૩૧। રૂપીઆ
૬૦૦ આનાન ૩૭॥ રૂપીઆ
૭૦૦ આનાના ૪૩॥। રૂપીઆ
૮૦૦ આનાના ૫૦ રૂપીઆ
૯૦૦ આનાના ૫૬। રૂપીઆ
૧૦૦૦ આનાના ૬૨॥ રૂપીઆ

પૈસાભારની ધાત.

૭૨ પૈસાભાર	૧	શેર.
૫૪ પૈસાભાર	૦॥।	શેર
૩૬ પૈસાભાર	૦॥	શેર
૧૮ પૈસાભાર	૦।	શેર
૯ પૈસાભાર	૧	નવટાંક.
૪॥ પૈસાભાર	૧	અધોળ.

બીજી ચોપડીના અઘરા શબ્દ.

અક્ષરે	અહીંઆંથી	શિક્ષા
આવડયા	સમજાવ્યો	વિચાર્યું
હેઠ	ફરાવ્યો	રસ્તો
લાવ્યો	ડાહ્યા	માર્ગ
પૂછ્યું	માન્યું	રઝળવા
બોલ્યો	પ્રાણ	ચોપડવા
ફરિયાદ	ચિત્ત	લૂગડાં
મંગાવ્યો	અવસ્થા	જન્મતી
કહ્યું	વાગ્યા	સોંપ્યો
વાળ્યો	અંડયા	સ્નેહ
કાઢયો	સૂંગળી	જગપતિ
ભુરઆઈ	પહુંચા	ચંદ્રમા
ઠોકયો	પરીક્ષા	સરસ્વતી
પ્રસાદ	નીકળ્યો	વિદ્યા
ટટ્ટુ	ધ્યાન	જાણીને
જાળી	નિત્યે	ચોકું

ફૂડાવ્યું	દોશીવાણીઆ	ખાસ્તો
અખાત્રીજ	પર્વ	મહિના
શ્રાવણ	ગણપતિચોથ	તિથિ
જન્મગાંઠ	પહેરાવ્યાં	અડાડયો
બઝાડીને	ખસેડયા	ખુણેખોચરે
મહીપતિ	પરતાપ	ખૂઆડીઉ
છેલ્લીવારે	મુદલ	સૂરજ
ઝાંઝવાં	સર્વે	ધાન્ય
ધૂરકવું	તુટીપડવું	ઇશ્વર
પૃથ્વી	પરમેશ્વર	સ્લેટ
તૈયાર	ચિતારો	ફિરાકશી
ટપેથા	પહોંચ્યો	પ્રેમ
ભાગ્યશાળી	રડયુંખડયું	ખર્ચખૂટણ
ફૂલઠરણી	ઉખઇ ખુખઇ	

ત્રીજી ચોપડીના અઘરા શબ્દ.

મૂર્ખો	ઝંખવાણા	મચ્યાં
ભેંસ	ટુંકા	સ્વભાવ
શિક્ષા	યાદરાખવું	ઘુમટો
દક્ષિણી	સગડ	દૈવત
દુકાળ	પ્રધાન	વીંછી
વિખ	ચીપીઆ	સૂસવું

સૂજેલું
પ્રીત
દોંગાઇ
કૃપાળુ
રળીઆમણું
ચોખ્ખાઇ
નિર્દય
ચિચોડા
રતાંધળો
ચપ્પુ
કોડ
પૈસાદાર
ધાન્ય
પહાડ
પુઠીઆં
માલિક
ચૂનાળાં
ચિત્ર
કૂરકુરીઆં
ક્યારડા
દરિયો
લહીઓ.
અટકચાળાં

વિલાયત
મનુષ્ય
અંતકાળ
બનાવ્યું
જીવજંતુ
મધપૂડો
ખોંખારે છે
વિશ્વ
કહેવત
ગમ્યો
સિંધુ
ડુંડું
કિલ્લા
પદાર્થ
શેખસલ્લી
ભોંયરું
ભૂપતિ
અડફટ
કબૂતર
બિલાડું
અગરિયો
ગદીઆણો
નિરાંત

અર્થ
સુણતાં
પૂજી
ઇંદ્રિયો
ચોખ્ખું
સજ્જન
વરેમાગું
વિખ્યાત
ઊઠયાં
રૂપીઆ
લીંબોળીઓ
ગાલીચા
મરડીઆ
જંપવું
ધૂણાવવું
બિરાજવું
હીચકો
અટવાઇને
વહેળો
લૂખું
લહીઓ
ટીખળી
ઇનસાફ

મહિના	વીજણો.	ધ્રુજતું
પ્રવાહી	ગતિ	જાુંકત
ઉડાવીદેવું	ઝગઝળીઆં	મૂર્ખાઈ.
અભિમાન	નિશાની.	વેંતરું
ખ્યાલ	શેતૂર	હીરાગળ
ખદખદતું	મૂગટા	મચ્છર
તુચ્છ	અહંકાર	સૂકવવું
ટંકોટંક	ડૂબીજવું	મંદિર.
કોષ્ટક	કલેશ	ભ્રમર
ઝમવું	મધ્યમ	પુષ્કળ
મહારાજ	સામર્થ્ય	સિંહ
દીવાસળી	શિયાળવાં	ભૂંગળાં
ભોમીઓ	પડપૂછ	ધૂતારા
બીડી	પોષણ	સાંઢણી
વનસ્પતિ	વહાણ	હુંકારવું
બિહામણી	બંદૂક	ક્રાંતીલોઢું
તરબુચ	કલ્લોળ	ટોકા
વીજળી	ગર્જના	ફૂંઠવાવું
ફૂંડાળું	ચૂડા	દુશ્મન
સૂંઠ	બઈ!	લોંદો
નિરાશ	જીંડવાં	રેંટીઓ
સૂતરાઉ	જગંનાથી	સૂરજ
બિંબ	ચંદ્રમા	દર્પણ

પુનેમ	ઘડીઆળ	અંગ્રેજી
મિનિટ	ગ્રહ	અજ્ઞાની
સર્વવ્યાપક	ઇશ્વર	વિશ્વપતિ
પરમેશ્વર	સર્વે	શ્વાસ
મુડદું	કૂડી	છુપાવવું
પુરૂષ	ગૃહસ્થ	સ્વર
વ્યંજન	જોડાક્ષર	સ્પષ્ટ
વાક્ય	કબૂલત	લિપિ
ગૂજરાતી	ધર્મપુસ્તક	અનુસ્વાર
મૂળાક્ષર	ઘાણી.	

ટીકા.

જે અક્ષરની અગાડી નીચેના અક્ષરો આવે તેની પહેલાના અક્ષર ઉપર મીડું થાય નહીં. જેમકે—ણ ન મ વિગરે.

જે અક્ષરની અગાડી હ અક્ષર આવે તેની પહેલાંના અક્ષરને કાનો થાય નહીં. દાખલા. પહાડ, ઝહાડ, દહાડો વિગરે.

જે અક્ષરની અગાડી ય આવે તો રસવાઇ થાય ને અ આવે તો દીર્ઘાઇ થાય. જેમકે ય આવે એવા દાખલા. દરિયો, ઇંદ્રિયો, અમરિયો વિગરે,

અ આવે એવા દાખલા. ગઢીઆણો, લહીઓ, દડીઓ વિગરે.

ન આવે એવા દાખલા. જેમકે—ભાન, કાન વિગરે.

ણ આવે એવા દાખલા. પાણી, વાણી, હાણુ વિગરે.

મ આવે એવા દાખલા, ગામ, ઠામ, નામ વિગરે.

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે સદ્ગૃહસ્થોને ખબર આપવામાં આવે છે કે, બીજા ધોરણના વિદ્યાર્થીઓને શીખવવાને માટે મુશીબત ન પડે તેને માટે અમોએ અમદાવાદજીલ્લાનો ભૂગોળ તેની અંદર જરૂરીઆતની ધાતો, અને બીજી ત્રીજી ચોપડીના અઘરા શબ્દો સહીત બનાવેલો છે. માટે જેને લેવાની મરજી હોય તેને નીચે લખેલા ઠેકાણેથી મળશે. નોટપેડ પત્ર લેવામાં આવશે નહીં અડધા આનાની ટીકટ મોકલેથી નમૂનાની ચોપડી મોકલવામાં આવશે.

अमदावादमां—કર્તા પાસેથી ઠે. રાયપુર પખાલીની પોળમાં. ઘર નંબર-૧૨૩

अमदावादमां—રણછોડલાલ ઘેહેલાભાઈને ત્યાંથી. ઠે. રાયપુર મંકોડીવાડ.

प्रांतीजमां—રણછોડલાલ ઘેહેલાભાઈ ને ત્યાંથી. ઠે. ગુજરની પોળમાં.

———:o:———